



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ અગિયારસ ગુરુવાર ૧૧ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૫

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


### યુએસ ફાઇટર જેટ્સે ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ ધ્વસ્ત કરી; જવાબી કાર્યવાહીમાં ઈરાને કુવૈત-બહેરીન પર દાગી મિસાઈલો, ક્રૂડ $91 પાર

# અપાચે ક્રેશ બાદ અમેરિકાનો ઈરાન પર પ્રચંડ હુમલો

## આજના અંક સાથે સામેલ છે




**ઈરાને** બહેરીન, કુવૈત અને અન્ય વિસ્તારોને નિશાન બનાવી જવાબી હુમલાઓ કર્યા

**ટ્રમ્પે** ચેતવણી આપી કે ઈરાને ડીલ કરવામાં વાર લગાડી, હવે કિંમત ચુકવવી પડશે

**હુથી** બળવાખોરોએ ઇઝરાયલ સાથે સંકળાયેલા જહાજો પર ફરી હુમલા કરવાની ચેતવણી આપી

**દુબઈ, તા. 10 (AP):** અમેરિકાએ ઈરાનને અમેરિકન અપાચે હેલિકોપ્ટર દુર્ઘટના માટે જવાબદાર ઠેરવ્યા બાદ બુધવારે વહેલી સવારે ઈરાનના અનેક વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા. આ કાર્યવાહી બાદ ઈરાને પણ બહેરીન, કુવૈત અને અન્ય વિસ્તારોને નિશાન બનાવી જવાબી હુમલાઓ કર્યા, જેના કારણે મધ્યપૂર્વમાં તણાવ વધુ વકરી ગયો છે. જોર્ડને જણાવ્યું કે તેણે ઈરાન દ્વારા અમેરિકન સૈન્ય મથક તરફ છોડવામાં આવેલી 5 મિસાઈલને હવામાં જ નષ્ટ કરી દીધી હતી. આ હુમલાઓ બાદ પ્રમુખ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે ઈરાનને વાટાઘાટો અટકાવવાની કિંમત ચુકવવી પડશે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, અમેરિકન હવાઈદળ અને નૌકાદળના લડાકુ વિમાનો દ્વારા ઈરાનની હવાઈ સંરક્ષણ વ્યવસ્થા, ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનો અને સર્વેલન્સ રડાર કેન્દ્રોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈરાને બંદર અબ્બાસ અને કેશ્મ ટાપુ નજીક હુમલાની પુષ્ટિ કરી છે, જોકે નુકસાન અંગે વિગતો જાહેર કરવામાં આવી નથી.

આ દરમિયાન યમન નજીક એડનના અખાતમાં એક માલવાહક જહાજ પર નાની બોટમાં આવેલા સશસ્ત્ર હુમલાખોરોએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ જહાજના સુરક્ષાકર્મીઓએ હુમલો નિષ્ફળ બનાવ્યો હતો. બીજી તરફ, ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ ઈઝરાયલ સાથે સંકળાયેલા જહાજો પર ફરી હુમલા કરવાની ચેતવણી આપી છે.

તાજેતરના સંઘર્ષની શરૂઆત 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન સામે શરૂ કરાયેલા

...અનુસંધાન પાના 11 પર

### ઈરાન વાટાઘાટા અંગે પોતાના વલણની ફરી સમીક્ષા કરશે

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બઘાઈએ જણાવ્યું હતું કે તાજેતરના હુમલાઓને ધ્યાનમાં રાખીને યુદ્ધ સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો અંગે ઈરાન પોતાના વલણની ફરી સમીક્ષા કરશે. ઉલ્લેખનીય છે કે યુદ્ધને કાયમી રીતે સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટો પર પણ આ નવી અથડામણોની નકારાત્મક અસર પડી છે.

### સમાધાન માટેના પ્રયાસો હજુ ચાલુ

યુદ્ધવિરામ અને સમાધાન માટેના પ્રયાસો હજુ પણ ચાલુ છે. અમેરિકા સાથે ચર્ચા બાદ કતારનું એક પ્રતિનિધિમંડળ બુધવારે તેહરાન પહોંચ્યું હતું, જ્યાં સંઘર્ષ સમાપ્ત કરવા અંગે મહત્વપૂર્ણ ચર્ચાઓ થવાની છે.

## NDA બેઠકમાં મોદીએ નેતાઓ સાથે ઝાલમુરીનો સ્વાદ માણ્યો





**આ પરંપરાગત** બંગાળી નાસ્તો બેઠક સ્થળે ખાસ સ્ટોલ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો

**નવી દિલ્હી, તા. 10 (PTI):** નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે બુધવારે યોજાયેલી NDAની 12મી વર્ષગાંઠ નિમિત્તેની બેઠક દરમિયાન પશ્ચિમ બંગાળનો લોકપ્રિય નાસ્તો ઝાલમુરી ફરી એકવાર રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠક દરમિયાન વિવિધ NDA નેતાઓ સાથે ઝાલમુરીનો સ્વાદ માણ્યો હતો, જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા હતા.

મોદીએ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં પશ્ચિમ બંગાળના ભાજપ નેતા અને વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારી તેમને ઝાલમુરી પીરસતા જોવા મળે છે. મમરા, શાકભાજી, મસાલા અને સરસવના તેલથી તૈયાર થતો આ પરંપરાગત બંગાળી નાસ્તો બેઠક સ્થળે ખાસ સ્ટોલ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.

વિડિયોમાં ભાજપ અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી એચ.ડી. કુમારસ્વામી, ચિરાગ પાસવાન, રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા, ઉત્તર પ્રદેશના મંત્રી સંજય નિષાદ અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટના નેતા હાગ્રામા મોહિલારી સહિતના નેતાઓ પણ હાજર જોવા મળે છે. ઝાલમુરી સ્વીકાર્યા બાદ મોદીએ અન્ય નેતાઓને પણ તેનો સ્વાદ ચખાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન 19 એપ્રિલે ઝારગ્રામમાં પ્રચાર દરમિયાન મોદીએ અચાનક એક ઝાલમુરીની દુકાને રોકાઈને આ નાસ્તો કર્યો હતો. તે સમયે આ ઘટનાએ રાજકીય ચર્ચા જગાવી હતી અને તત્કાલીન મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તેની ટીકા પણ કરી હતી. બાદમાં મોદીએ પણ તેના પર રમૂજી પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે તેમને ઝાલમુરી ગમે છે, પરંતુ TMCને તેની 'ઝાલ' એટલે કે ગરમી અનુભવાઈ રહી છે.

## દિલ્હી ડાયરી



### સુનીલ બંસલઃ બંગાળમાં ભાજપના નેપથ્યના સૂત્રધાર

ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના રાષ્ટ્રીય મહાસચિવ સુનીલ બંસલ, પક્ષના મુખ્ય રાજ્ય પ્રભારી તરીકે બંગાળમાં સંગઠનને મજબૂત કરવા પાછળ ભજવેલી પોતાની પડદા પાછળની ભૂમિકાને કારણે ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ પદ સંભાળ્યા પછી તેમની દિલ્હીની પ્રથમ મુલાકાત દરમિયાન બંસલ સાથે મુલાકાત કરવાનું ખાસ ચૂક્યા ન હતા અને જાહેરમાં તેમના યોગદાનના વખાણ કર્યા હતા. ભાજપ મુખ્યાલય ખાતે તેમની મુલાકાત બાદ અધિકારીએ એક્સ પર લખ્યું, "બંગાળમાં બૂથ સ્તર સુધી સંગઠનને મજબૂત કરવા અને કાર્યકરોમાં નવો ઉત્સાહ ફૂંકવા માટે તમારું વ્યૂહાત્મક માર્ગદર્શન અજોડ રહ્યું છે." આ જાહેર સમર્થને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ભૂતપૂર્વ પ્રચારક અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નજીકના સહયોગી એવા બંસલ તરફ ફરી લોકોનું ધ્યાન ખેંચ્યું છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૨ સુધી ઉત્તર પ્રદેશમાં ભાજપના સંગઠન મહાસચિવ તરીકે તેમને પક્ષની મજબૂત ચૂંટણી મશીનરી ઊભી કરવા અને ઉપરાઉપરી ચૂંટણીઓમાં વિજય અપાવવાનો શ્રેય વ્યાપકપણે આપવામાં આવે છે. જોકે, ઉત્તર પ્રદેશમાં બંસલનો વધતો જતો પ્રભાવ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથેના તેમના મતભેદોનું કારણ બન્યો હોવાનું કહેવાય છે. કારણ કે, તેઓ સત્તાના એક સમાંતર કેન્દ્ર તરીકે

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૦-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૯.૪° સે. | ૨૯.૬° સે. | ૪૪% |

## શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ સાથે CJPનું દેશવ્યાપી આંદોલન

**જો ધર્મેન્દ્ર** પ્રધાન રાજીનામું નહીં આપે તો 20 જૂનથી અનિશ્ચિતકાલીન ધરણાંની ચીમકી

**નવી દિલ્હી, તા. 10 (PTI):** કોકરોચ જનતા પાર્ટી (CJP) એ બુધવારે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને દેશવ્યાપી આંદોલનની જાહેરાત કરી છે. પાર્ટીએ જણાવ્યું કે 11 જૂનથી પુણેથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવશે અને જો કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે તો 20 જૂનથી નવી દિલ્હીના જંતર-મંતર ખાતે અનિશ્ચિત મુદતના શાંતિપૂર્ણ ધરણાં શરૂ કરવામાં આવશે.

પાર્ટીના જણાવ્યા અનુસાર પુણે ઉપરાંત લખનૌ, અમૃતસર, બેંગલુરુ, જયપુર અને હૈદરાબાદ સહિતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન યોજાશે. CJPના સ્થાપક અભિજીત દિપકેએ જણાવ્યું કે જાણીતા પર્યાવરણ કાર્યકર સોનમ વાંગચુક પણ ગુરુવારે પુણેમાં યોજાનારા વિરોધ કાર્યક્રમમાં ભાગ લેશે.

પાર્ટીનો આરોપ છે કે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના આયોજનમાં વારંવાર ગંભીર ગેરરીતિઓ અને

...અનુસંધાન પાના 11 પર

### કેબિનેટ બેઠકમાં મંત્રીઓએ ઊભા થઈને આપ્યું સન્માન

## નરેન્દ્ર મોદીએ સતત લાંબા શાસનનો નેહરુનો રેકોર્ડ તોડ્યો



**4399** દિવસ સાથે મોદીએ જવાહરલાલ નેહરુના 4,398 દિવસના કાર્યકાળને પાછળ છોડી દીધો

**NDA** અને કેન્દ્રીય મંત્રીમંડળે વ્યક્ત કરી શુભેચ્છા, ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં પ્રાર્થના અને મંદિરોમાં મહા આરતીનું આયોજન કરાયું, રાષ્ટ્રપતિએ પત્ર લખ્યો

**નવી દિલ્હી, તા. 10 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ભારતના ચૂંટાયેલા વડા પ્રધાન તરીકે સતત સૌથી લાંબો કાર્યકાળ પૂર્ણ કરીને નવો રાજકીય રેકોર્ડ સ્થાપ્યો છે. આ સાથે તેમણે દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુના 4,398 દિવસના કાર્યકાળને પાછળ છોડી દીધો છે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રિમંડળ, એનડીએના નેતાઓ તેમજ વિવિધ રાજકીય આગેવાનોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. દેશના વિવિધ ભાગોમાં પ્રાર્થના, પૂજા-આરતી અને જાહેર કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

...અનુસંધાન પાના 11 પર

### મોદી દેશ માટે બોજરૂપ સાબિત થયા છે: કોંગ્રેસ

કોંગ્રેસે મોદી પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે તેમણે ભલે 'સ્વયંઘોષિત અને શંકાસ્પદ રીતે ઊભી કરાયેલી એક ઐતિહાસિક સિદ્ધિ' હાંસલ કરી હોવાનું કહેવાય રહ્યું છે, પરંતુ તેઓ દેશ માટે બોજરૂપ સાબિત થયા છે અને તેમના શાસનમાં લોકશાહીની હત્યા થઈ રહી છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે નેહરુ 15 ઓગસ્ટ, 1947 ના રોજ એક શાનદાર મંત્રીમંડળની અધ્યક્ષતામાં ભારતના વડા પ્રધાન બન્યા - જે વિશ્વમાં ભાગ્યે જ જોવા મળ્યું છે.

### 12 વર્ષમાં ભારતની પ્રતિષ્ઠા અને સાંસ્કૃતિક ગૌરવ વધ્યું: અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે મોદી સરકારના 12 વર્ષ ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત કરવા, સાંસ્કૃતિક પુનર્જાગરણ લાવવા અને ગુલામીની માનસિકતામાંથી દેશને મુક્ત કરવા માટે સમર્પિત રહ્યા છે. તેમણે કહ્યું કે આ સમયગાળા દરમિયાન દેશની સરહદો વધુ સુરક્ષિત બની, કાશ્મીરમાંથી કલમ 370 દૂર કરવામાં આવી, રામ મંદિરનું નિર્માણ થયું તેમજ નક્સલવાદ અને આતંકવાદ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી. સાથે જ દેશે પોતાની સંસ્કૃતિ, વારસા અને ક્ષમતાઓ પર ગૌરવ અનુભવવાનું શીખ્યું છે.

## ટીએમસીના બળવાખોર સાંસદોમાં યુસુફ પઠાણ અને શત્રુઘ્ન સિંહા પણ

**બળવાખોર** સાંસદોએ હાલ ટીએમસીમાંથી રાજીનામું આપવાનું કે ભાજપમાં જોડાવાનું ટાળ્યું છે

**આ સાંસદો** અલગ સંસદીય જૂથ તરીકે એનડીએને સમર્થન આપવાની તૈયારીમાં







**નવી દિલ્હી, તા. 10:** તૃણમૂલ કોંગ્રેસ (TMC)માં આંતરિક રાજકીય સંકટ વધુ ઘેરું બન્યું હોવાનું સામે આવ્યું છે. પાર્ટીના જાણીતા સાંસદો યૂસુફ પઠાણ, સાયોની ઘોષ અને શત્રુઘ્ન સિંહા સહિત કુલ 19 સાંસદોએ બળવાખોરોની યાદી પર હસ્તાક્ષર કર્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઘટનાને કારણે મમતા બેનર્જીના નેતૃત્વ સામે પાર્ટીની સ્થાપના પછીનો સૌથી મોટો પડકાર ઊભો થયો હોવાનું માનવામાં આવે છે.

લોકસભામાં ટીએમસીના કુલ 28 સાંસદો છે, જોકે બસીરહાટના સાંસદ હાજી નુરુલ ઈસ્લામના અવસાન બાદ એક બેઠક ખાલી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બળવાખોરી બાદ લોકસભામાં મમતા બેનર્જીને મળતું અસરકારક સમર્થન ઘટીને માત્ર 9 સાંસદો સુધી સીમિત રહી ગયું છે.

બળવાખોર સાંસદોએ હાલ ટીએમસીમાંથી રાજીનામું આપવાનું કે ભાજપમાં જોડાવાનું ટાળ્યું છે. તેના બદલે તેઓ અલગ સંસદીય જૂથ તરીકે કાર્ય કરીને એનડીએને સમર્થન આપવાની તૈયારીમાં હોવાનું કહેવાય છે. આ પગલું પક્ષપલટા વિરોધી કાયદા હેઠળની કાર્યવાહીથી બચવા માટે લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. બળવાખોરોએ

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાનના હવાઈ હુમલામાં અફઘાનિસ્તાનમાં 26નાં મોત

**મૃતકોમાં** 11 બાળકો, એક મહિલા અને એક વૃદ્ધનો સમાવેશ તાજેતરમાં પાકિસ્તાનમાં થયેલા આતંકવાદી હુમલાઓના પગલે આ કાર્યવાહી કરવામાં આવી હતી

**કાબુલ, તા. 10 (AP):** અફઘાનિસ્તાનના તાલિબાન પ્રશાસને બુધવારે આરોપ લગાવ્યો કે પાકિસ્તાને દેશના ખોસ્ટ, કુનર અને પક્તિકા પ્રાંતોમાં નવા હવાઈ હુમલા કર્યા, જેમાં ઓછામાં ઓછા 26 લોકોનાં મોત થયાં અને 14 લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાને સત્તાવાર રીતે સ્વીકાર્યું કે તેણે અફઘાનિસ્તાનમાં કથિત આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી રાત્રે 'ચોકસાઈપૂર્વક અને માપેલા' હવાઈ હુમલા કર્યા હતા, જેમાં 26 લોકો માર્યા ગયા હતા.

પાકિસ્તાનના માહિતી પ્રધાન અત્તાઉલ્લાહ તરારે જણાવ્યું કે તાજેતરમાં પાકિસ્તાનમાં થયેલા આતંકવાદી હુમલાઓના પગલે પાક-અફઘાન સરહદી વિસ્તારોમાં તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના ઠેકાણાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. તરારે દાવો કર્યો કે વિશ્વસનીય ગુપ્તચર માહિતીના આધારે 4 મહત્વના લક્ષ્યોને સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવ્યા હતા. તેમાં તાલીમ કેન્દ્ર, છુપાવાનું ઠેકાણું, હથિયારોનો ભંડાર તેમજ TTP કમાન્ડર અલીમ ખાન ખુશાલી અને કમાન્ડર અખ્તર મહંમદ જાની ખેલ સાથે સંકળાયેલા કેન્દ્રનો સમાવેશ થાય છે.

તાલિબાનના મુખ્ય પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે મૃતકોમાં 11 બાળકો, એક મહિલા અને એક વૃદ્ધ પુરુષનો સમાવેશ થાય છે.

આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે એક દિવસ અગાઉ પાકિસ્તાનના અફઘાનિસ્તાન સરહદ નજીક આવેલા ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના હસન ખેલ વિસ્તારમાં શંકાસ્પદ પાકિસ્તાની તાલિબાન લડવૈયાઓએ સુરક્ષા ચોકી પર હુમલો કર્યો હતો. ભારે ગોળીબારમાં ફેડરલ કોન્સ્ટેબ્યુલરીના 6 જવાનો માર્યા ગયા હતા, જ્યારે અનેક અન્ય ઘાયલ થયા હતા. પાકિસ્તાની અધિકારીઓના જણાવ્યા અનુસાર

...અનુસંધાન પાના 11 પર